# ગુજરાતીમાં ટાઇપ કેવી રીતે કરવું?

રજૂઆત – મૈત્રી શાહ

# પૂર્વભૂમિકા અને આ સત્ર વિશેની ટૂંકમાં જાણકારી

- ગયા સત્રમાં આપણે કમ્પ્યૂટર વિશેની સામાન્ય જાણકારી મેળવી તદુપરાંત અંગ્રેજીમાં કેવી રીતે ટાઇપ કરવું તે જાણ્યું
- આ સત્રમાં આપણે ગુજરાતીમાં કેવી રીતે ટાઇપ કરવું તે વિશેની માહિતી મેળવીશું
- કમ્પ્યૂટર ઉપર ગુજરાતીમાં લખવા કે ટાઇપ કરવા માટે શું જોઈએ?
- યુનિકોડ ફોન્ટ અને કીબોર્ડ એટલે શું?

# ગુજરાતી યુનિકોડ ફોન્ટ

- સૌ પ્રથમ ગુજરાતી યુનિકોડ ફોન્ટ ડાઉનલોડ કરવા
- ફોન્ટ ડાઉનલોડ કરવા માટે તમે ગુજરાતીલેક્સિકોનની સાઇટ ([www.gujaratilexicon.com](http://www.gujaratilexicon.com)) ઉપર ડાઉનલોડ વિભાગમાં જઈ ત્યાંથી ફોન્ટ ડાઉનલોડ કરી શકશો.
- ફોન્ટ ડાઉનલોડ કરવા માટે **exe** અને **zip** એમ બે પેકેજ આપવામાં આવ્યા છે તેમાંથી કોઈપણ એક પેકેજની પસંદગી કરો



# ગુજરાતી કીબોર્ડ

- ફોન્ટ ડાઉનલોડ કરી અને કમ્પ્યૂટરમાં સંગ્રહ કર્યા બાદ ગુજરાતીમાં ટાઇપ કરવા માટે ગુજરાતી કીબોર્ડ ડાઉનલોડ કરવું પડશે
- ગુજરાતી કીબોર્ડ ડાઉનલોડ કરવા માટે **bhashaindia.com** ની સાઇટ ઉપર અથવા **lakhegujarat.weebly.com** ઉપરથી અથવા અન્ય કોઈ સાઇટ ઉપરથી કીબોર્ડ ડાઉનલોડ કરવું
- જો bhashaindia.comની સાઇટ ઉપર આવેલા તેના ગુજરાતી વિભાગમાં આવેલા ડાઉનલોડ વિભાગમાં જઈ **IME** ડાઉનલોડ કરવું (વિન્ડોઝ બીટ – 32 કે 64 કોઈપણ ડાઉનલોડ કરી શકાશે)

Who should use Indic Input 2?
Users working with latest operating systems should use Indic Input 2. It is suitable for –
- 32-bit version of Windows Vista or Windows 7 or Windows Server 2008
- 64-bit version of Windows XP or Windows Vista or Windows 7 or Windows Server 2003 or Windows Server 2008

| Language | Vista/Windows-7 32 Bit | Vista/Windows-7 64 Bit | Help |
|---|---|---|---|
| Assamese | Download | Download | Download |
| Bengali | Download | Download | Download |
| Gujarati | Download | Download | Download |
| Hindi | Download | Download | Download |
| Kannada | Download | Download | Download |
| Malayalam | Download | | |
| Marathi | Download | | |
| Nepali | Download | | |
| Oriya | Download | | |
| Punjabi | Download | | |
| Tamil | Download | | |
| Telugu | Download | | |

**Opening GujaratiIndicInput2_64-bit.zip**

You have chosen to open

**GujaratiIndicInput2_64-bit.zip**

which is a: ZIP file (2.8 MB)

from: http://bhashaindia.com

What should Firefox do with this file?

- ○ Open with WinZip (default)
- ◉ Save File

☐ Do this automatically for files like this from now on.

OK | Cancel

## Indic Input 1

Who should use Indic Input 1?
Users working with older operating systems should use Ind
- 32-bit version of Windows 2000 or Windows XP or Window
- Indic Input 1 is NOT supported on newer versions of oper

| Language | |
|---|---|
| Bengali | Download |
| Gujarati | Download |
| Hindi | Download |
| Kannada | Download |

# કીબોર્ડ ઇનસ્ટોલ કરવાની રીત –

- સૌ પ્રથમ કમ્પ્યૂટરના **Start Menu** માં આવેલા **Control Panel**માં જાવ



• કન્ટ્રોલ પેનલમાં આવેલ **Regional and Language Options** ઉપર ક્લિક કરો



- **Regional and Language options** માં આવેલા **Languages** વિકલ્પને પસંદ કરો



- સૌપ્રથમ **Supplemental Language support** ના બન્ને ચેક બોક્સ તપાસો અને જો તે બન્ને ચેક બોક્સમાં ક્લિક ના હોય તો વિન્ડોઝ XP સીડીની મદદથી **Supplemental language support** દાખલ કરાવો

- ત્યારબાદ **Details** બટન ઉપર ક્લિક કરો

- **Details** બટન ઉપર ક્લિક કરતાં બાજુમાં દર્શાવ્યા પ્રમાણેની એક વિન્ડો ખુલશે જેના **Add** બટન ઉપર ક્લિક કરવું



- **Add** બટન ઉપર ક્લિક કરતાં **Add Input Language** નામની એક વિન્ડો ખુલશે



• આમાં આપેલા ડ્રોપ ડાઉન એટલે કે **V** જેવી નિશાની વાળા બટન ઉપર ક્લિક કરવાથી અન્ય બીજી ભાષાના વિકલ્પો દેખાશે જેમાંથી ગુજરાતી ભાષા પસંદ કરવી અને ત્યારબાદ તેની નીચે આપેલા વિકલ્પ **Keyboard Layout / IME** ઉપર ક્લિક કરવી અને ત્યાર બાદ **OK** બટન ઉપર ક્લિક કરવી



- OK બટન ઉપર ક્લિક કરવાથી અગાઉની વિન્ડોમાં હવે તમે ગુજરાતી ભાષા જોઈ શકશો અને ત્યારબાદ ત્યાં આપેલા **Apply** અને **OK** બટન ઉપર ક્લિક કરો
- હવે તમારું કમ્પ્યૂટર ગુજરાતી ભાષા ટાઇપ કરવા માટે સક્ષમ બની ગયું છે
- ચાલો હવે ગુજરાતીમાં કોઈપણ દસ્તાવેજ ટાઇપ કરવાના કાર્યની શુભશરૂઆત કરીએ
- ગુજરાતીમાં લખવા માટે કોઈપણ **Wordpad, Notepad, Microsoft Office Word** કે **Open office text** દસ્તાવેજ ખોલો

• જ્યારે તમે કોઈપણ દસ્તાવેજ ખોલશો તો નીચે આપેલ ટાસ્કબારમાં તમે મૂળભૂત ભાષા તરીકે અંગ્રેજી જોઈ શકશો




• અહીં ઉપર તમે લાલ રંગથી ઉપસાવેલ બોક્સમાં મૂળભૂત ભાષા અંગ્રેજી છે તે જોઈ શકો છો હવે આ ભાષા વિકલ્પ બદલવા માટે તમે માઉસથી **EN** બટન ઉપર ડાબી ક્લિક કરી અન્ય ભાષા વિકલ્પોની યાદી ખોલી શકો છો અથવા કીબોર્ડના **Alt** અને **Shift** બટન એકસાથે દબાવીને પણ ભાષા બદલી શકો છો



• હવે જ્યારે ગુજરાતી ભાષા વિકલ્પ પસંદ કરવામાં આવશે ત્યારે તમે ટાસ્કબાર ઉપર નીચે મુજબની માહિતી જોઈ શકશો. જ્યાં મૂળભૂત ભાષા તરીકે EN હતું ત્યાં હવે GU થઈ જશે




• જેના G બટન ઉપર ક્લિક કરવાથી નીચે જણાવ્યા મુજબના વિકલ્પો ખુલશે



• જ્યારે  કીબોર્ડ જેવા દેખાતાં આઇકન ઉપર ક્લિક કરવામાં આવશે તો નીચે મુજબના વિકલ્પો ખુલશે જે ખાસ ધ્યાનમાં રાખવાના છે




• મૂળભૂત રીતે ગુજરાતી ટ્રાન્સલિટરેશન કીબોર્ડ ઉપર ક્લિક હશે અને શરૂઆતના તબક્કે આ જ કીબોર્ડનો વિકલ્પ પસંદ કરવો. આ ઉપરાંત અન્ય કીબોર્ડ જેવાકે ગુજરાતી ટાઇપરાઇટર, ગુજરાતી ઇનસ્ક્રિપ્ટ વગેરે જેવાં કીબોર્ડનો પણ ઉપયોગ કરી શકાય છે.

• ત્યારબાદનું બટન  **Auto Text On / Off** માટેનું છે જેમાં મૂળભૂત રીતે Auto Text On હશે જ અને તેમ જ રાખવું

• ત્યારબાદનું બટન  **On the fly help**નું બટન છે. આ બટન આપણને ખૂબ જ રીતે ઉપયોગી છે. જ્યારે આપણે ગુજરાતીમાં ટાઇપ કરવાની શરૂઆત કરતાં હોઈએ ત્યારે આ હેલ્પ બટન **On** રાખવું વધારે હિતાવહ છે

• જો આપણે **On the fly On** રાખીશું તો જ્યારે પણ ગુજરાતી ભાષા પસંદ કરી અને કીબોર્ડનું બટન દબાવીશું તે બટનથી કયા કયા અક્ષરો ટાઇપ કરી શકાય છે અને તે અક્ષર સાથે સ્વરને જોડવા માટે કયા બટનનો ઉપયોગ કરવો તેની માહિતી આપે છે. ઉદાહરણ તરીકે આપણે ક લઈએ

કુ

k: ક kh: ખ K: ક Kh: ખ kSh: ક્ષ

| k | ka | kaa | ki | kee | ku | koo | ke | kai | ko | kau | k^ | kH | kM | kO | kA | kRa | kra |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્ | ક | કા | કિ | કી | કુ | કૂ | કે | કૈ | કો | કૌ | કં | કઃ | કઁ | કૉ | કૅ | કૃ | ક્ર |

• અહીં તમે જોઈ શકો છો કે કીબોર્ડમાંનો k બટન દબાવતાં ક લખી શકાય છે અને જો કા લખવું હોય તો **kaa** લખવું પડે

• ચાલો આપણે દરેક કી દર્શાવતો એક ચાર્ટ જોઈએ

• મુખ્યત્વે ધ્યાનમાં રાખવાની બાબતો :

**aa = આ, i = ઇ, ee = ઈ, u = ઉ, oo = ઊ, ai = ઐ, o = ઓ, au = ઔ, A = ઍ, O = ઑ , અં = ^ (Shift + 6) , ઋ = Ru , ત્ર = tra, શ્ર = shra, જ્ઞ = Gya , દ્ય = dya**

• હલન્ત અક્ષર કે જોડાક્ષર સહિતના કેટલાંક ઉદાહરણો :

**લજ્જા = l + a + j + j + a + a**

**પૃથ્વી = p + R + u + th + v + e + e**

**પ્રાર્થના = p + r + a + a + r + th + a + n + a + a**

**શ્રદ્ધા = sh + r + a + d + dh + a + a**

**વિદ્યાર્થી = v + i + d + y + a + a + r + t + h + e + e**

વિશ્વાસ = v + i + sh + v + a + a + s + a

દટ્ટો = d + a + T + T + o

કાર્ય = k + a + a + r + y + a

દૃષ્ટિ = d + R + a + Sh + T + i

શક્તિ = sh + a + k + t + i

ષષ્ટાંગ = Sh + a + Sh + T + a + a + ^ + g + a

દુર્લભ = d + u + r + l + a + bh + a

અદ્ભુત = a + d + bh + u + t + a

ચિહ્ન = ch + i + h + n + a

બ્રાઉન = b + r + a + a + u + n + a

હૃદય = h + R + a + d + a + y + a

હ્રાસ = h + r + a + a + s + a

વાઙ્મય = v + a + a + Ng + m + a + y + a

ૐ = O + M

- ચાલો હવે કોઈ વાક્ય આપણે ટાઇપ કરીએ

ઉદા. નમસ્તે મિત્રો,

આજે શુક્રવાર છે.

આ વાક્ય નીચે મુજબ ટાઇપ થશે

નમસ્તે (n + a + m + a + s + t + e) પછી કીબોર્ડના સ્પેસબારની મદદથી એક સ્પેસ આપવી ત્યાર બાદ મિત્રો ( m + i + t + r + o) પછી અલ્પવિરામ ચિહ્ન આપવું. ત્યારબાદ કીબોર્ડના Enter કીની મદદથી એન્ટર આપવું અને નવી લાઇનમાં નીચે મુજબ લખવું

આજે (aa + j + e) શુક્રવાર (sh + u + k + r + a + v + aa + r + a) છે (chh + e)

- આ રીતે કોઈપણ વિગતો કે માહિતી કે ગદ્ય – પદ્ય કોઈપણ બાબત ગુજરાતીમાં ટાઇપ કરવી હોય તો કરી શકાય છે
- તો ચાલો સાથે મળીને આપણે સહુ આપણા આ અમૂલ્ય વારસાની જણસને આજના તકનીકના યુગમાં અદ્યતન ટૅક્નોલૉજીના માધ્યમથી સંગ્રહિત કરીએ અને આપની આવનારી પેઢીને આની અમૂલ્ય ભેટ ધરીએ

જય જય ગરવી ગુજરાત

# પ્રશ્નોત્તરી સમય (???????????)

- આ સત્રમાં આપને જે પણ માહિતી આપવામાં આવી તે અંગે કોઈપણ પ્રશ્ન હોય તો આપ વિના સંકોચ પૂછી શકો છો
- અમને તમારા પ્રશ્નોના ઉત્તર આપવા ગમશે
- સવાલ આપનો જવાબ અમારો

**પ્રાયોગિક તાલીમ – ઍસાઇનમેન્ટ – સ્વાધ્યાય**

ગત સત્રમાં આપવામાં આવેલ શ્રી નિરંજન ભગત સાહેબનું કાવ્ય ‘હું તો બસ ફરવા આવ્યો છું’ ગુજરાતીમાં ટાઇપ કરવું

## અથવા

સમાચારપત્રમાંથી કે તમને ગમતાં સામાયિકમાંથી તમને ગમતી કોલમમાંથી કોઈપણ એક ફકરો તેના લેખકના નામ સાથે ટાઇપ કરીને લાવવો

# આભાર :

ગુજરાત વિદ્યાપીઠ
ગુજરાતીલેક્સિકોન
ગુજરાતી વિકિપીડિયા
ગુજરાતી સાહિત્ય પરિષદ

કાર્તિક મિસ્ત્રી
કોનારક રત્નાકર
હર્ષ કોઠારી
રૂપલ મહેતા

આ કાર્યશાળા સાથે સંકળાયેલા આપ સૌનો અને સૌ પ્રોત્સાહકોનો આભાર !